ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.
ફરિયાદ નં- ફ-૦૨૦૬-૨૦૧૯

ફરિયાદી : શ્રી કલ્પેશ વિનોદરાય આશાણી
ઘર નં-૨૦૩, મયુર સાગર એપાર્ટમેન્ટ,
૮ કામદાર કોલોની Second Address
"ગાયત્રી કૃપા",માતૃ આશિષ સોસાયટી,
શેરી નં.૪, ટી.બી.હોસ્પીટલ પાછળ,
જામનગર - ૩૬૧૦૦૮

વિરુધ્ધ

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી
(ઉપ સચિવશ્રી (ટી.સી.એન્ડ ટી)),
ગૃહ વિભાગ, બ્લોક નં.૨, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર - ૩૮૨૦૧૦

(૨) અપીલ સત્તાધિકારીશ્રી
(અગ્રસચિવશ્રી),
ગૃહ વિભાગ, બ્લોક નં. ૨, ૨ જો માળ,
સરદાર પટેલ ભવન, સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

તા. ૨૭/૧/૨૦૨૦

શ્રી ડી. પી. ઠાકર, રાજ્ય મુખ્ય માહિતી કમિશનર, ગુજરાત રાજય
સમક્ષ

| | | |
|---|---|---|
| સુનાવણીની તારીખ | : | તા.૨૪/૦૧/૨૦૨૦ |
| નમૂના-ક ની અરજી | : | તા.૨૫/૧૦/૨૦૧૮ |
| જા.મા.અ.નો પ્રત્યુત્તર | : | તા.૧૭/૧૧/૨૦૧૯ |
| પ્રથમ અપીલની તારીખ | : | તા.૧૨/૧૨/૨૦૧૮ |
| પ્ર.અ.અધિ.નો હુકમ | : | --- |
| ફરિયાદની તારીખ | : | તા.૦૫/૦૩/૨૦૧૯ |
| ફરિયાદીશ્રીની લેખિત રજૂઆત | : | તા.૨૪/૦૧/૨૦૨૦ |
| સામાવાળાની લેખિત રજૂઆત | : | તા.૦૬/૦૧/૨૦૨૦ |

ઉપસ્થિતો :- ફરિયાદીશ્રી : ઉપસ્થિત નથી.
સામાવાળા : (૧)શ્રી ડી.એ.શાહ, જાહેર માહિતી અધિકારીશ્રી અને ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ ઉપસ્થિત છે.

૨. જાહેર માહિતી અધિકારીશ્રી પાસેથી માંગેલ માહિતી મળેલ ન હોવાનું જણાવી ફરિયાદીશ્રીએ આયોગ સમક્ષ ફરિયાદ અરજી કરેલ છે.

૩. સુનાવણી દરમિયાન ફરિયાદીશ્રી હાજર રહેલ નથી. પરંતુ તા.૨૪/૦૧/૨૦૨૦ના પત્રથી લેખિત રજૂઆત મોકલી આપેલ છે, જેને ધ્યાને લેવામાં આવી.

સામાવાળા પક્ષે ફરિયાદીશ્રીની તા.૨૫/૧૦/૨૦૧૮ની નમુના-કની અરજી તા.૧૭/૧૧/૨૦૧૮ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૭/૧૧/૨૦૧૮ના પત્રથી તે ગૃહ વિભાગને પરત કરવામાં આવેલ હોવાનું અને તા.૧૯/૧૨/૨૦૧૮ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી પોલીસ મહાનિદેશકશ્રીની કચેરી, ગાંધીનગરને તબદીલ કરવામાં આવેલ હોવાનું તેમજ પોલીસ મહાનિદેશકશ્રીની કચેરીના તા.૧૭/૦૧/૨૦૧૯ના પત્રથી ફરિયાદીશ્રીને મુદ્દાવાર જવાબ આપવામાં આવેલ હોવાનું જણાવવામાં આવ્યું. વધુમાં ફરિયાદીશ્રીની પ્રથમ અપીલ વિભાગમાં મળેલ. પરંતુ ટ્રાફીકને સંબંધિત વિષય વિભાગની એક શાખામાંથી બીજી શાખામાં તબદીલ થવાના કારણે ફરિયાદીશ્રીની પ્રથમ અપીલનો નિર્ણય સરતચૂકથી કરવાનો રહી ગયેલ હોવાનું જણાવવામાં આવ્યું. આયોગને મોકલવામાં આવેલ તા.૦૬/૦૧/૨૦૨૦ના અહેવાલની નકલ ફરિયાદીશ્રીને પૂરી પાડવામાં આવેલ હોવાનું તથા ફરિયાદીશ્રીની અરજી પરત્વે અત્રેથી કોઇ કાર્યવાહી કરવાની બાકી રહેતી ન હોવાનું જણાવવામાં આવ્યું.

૪. ઉપરોક્ત રજૂઆત તથા કેસના કાગળો ધ્યાને લેતાં ફરિયાદીશ્રીને જરૂરી જવાબ આપવામાં આવેલ છે તેમજ આયોગને મોકલવામાં આવેલ અહેવાલની નકલ પણ ફરિયાદીશ્રીને પૂરી પાડવામાં આવેલ છે. **નામદાર સુપ્રિમ કોર્ટના C.A. No. 10787-10788 Of 2011 (Arising out of S.L.P. No. 32768-32769/2010 Date. 12/12/2012ના ચુકાદામાં પ્રસ્થાપિત થયા મુજબ ફરિયાદમાં માહિતી પૂરી પાડવાનો આદેશ કરી શકાય નહીં. આથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ

ફરિયાદીશ્રીની ફરિયાદ નામંજૂર કરવામાં આવે છે.

(ડી. પી. ઠાકર)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
**ગુજરાત માહિતી આયોગ,**
ગાંધીનગર.

મુકાબલો કરનાર
કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર
નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર